# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4245-2 તારીખ : 25-6-19

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

ઓલ્વીન ગ્રેનીટો

૮-અ, નેશનલ હાઇવે ,

મું. પો. : નવું જાંબુડિયા , તા. : મોરબી, જી. : મોરબી - ૩૬૩૬૪૨ ,

વિષય : ઈ એચટી જોડાણ માં વીજભાર ઘટાડો કરવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૫-૦૪-૨૦૧૯.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૪/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. કે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા–૧/૨૦૧૯–૨૦/ 4245-2 તા. 25-6-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૪/ક્વા–૧/૨૦૧૯–૨૦

અરજદાર: ઓલ્વીન ટાઈલ્સ ગામ: નવું જાંબુડિયા

રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિમલ મારવાણીયા હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – મોરબી

રજૂઆત કરનાર: શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર – વિભાગીય કચેરી મોરબી અને શ્રી જી.એલ.પરમાર (એસ.એ.રેવન્યુ) – વિભાગીય કચેરી

:: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૪-૦૬-૨૦૧૯ ( મંગળવાર)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૦૬-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ M/S OLWIN TILES (INDIA) PVT LTD. having EHT Connection of 4200 KVA bearing consumer No. 32302 having unit at 8-A NH, New Jambudia, Morbi, connection was released on dated 01/12/2011 having Contract Demand of 2000 KVA.

In above connection, on dated 01/11/2014 enhanced load from 2000 KVA to 2450 KVA.
Further, on dated 04/06/2015 enhanced load from 2450 KVA to 4000 KVA.
Then after load enhanced on dated 05/01/2018 from 4000 KVA to 4200 KVA.

During last one year in ceramic industries fast modernization in ceramic products and machinery is observed, so require less power due to change in machinery in our plant, applied for load reduction of 1300 KVA to Executive Engineer PGVCL Morbi on dated 16/01/2019 (From 4200 KVA to 2900 KVA). But applicant request for reduction of load is rejected by Executive Engineer PGVCL Morbi vide letter Dated 26-02-19.

As per supply code 4 of 2015 clause no. 4.102 and as per agreement executed by us on dated 5.1.2018 while enhancing load from 4000 kva to 4200 kva, as per column no. 3(b) as you have not completed two years period, your request for load reduction cannot be granted. As per Supply code column no. 4.102 is as under.

"If any consumer terminates his Agreement within period of 2 years of commencement of new or additional supply (or where no formal Agreement is tendered, if the Supply is not utilized for the period of 2 years which would have been applicable if an agreement has been tendered, he shall be liable to pay the minimum charges for each month the short of the period of 2 years specified in the agreement or the stipulated period of 2 years in absence of any formal agreement. Reduction of load to the tune of 100.16 of the sanctioned load specified in the agreement (formal or informal) should be allowed after one year after the date of agreement without recovering minimum charges for such reduced load for the period short of the period of 2 years."

Further revision in the above supply code No. 4/2015, clause no. 4.84 which came into effect on 24/09/2015, which is stated below and our load reduction request should be considered as per that:

If supply of enhanced load is feasible the consumer shall
1. Pay additional security deposit, cost of addition or alteration required to be made to the system, if any, and system strengthening charges I capacity building charges I if any , within 30 working days of receipt of the demand note: and

2. Execute a supplementary agreement for the additional load.

Out of total load of 4200 KVA only 200 KVA load extension has not completed the minimum period of 2 years. The remaining load of 4000 KVA has already completed the minimum period of 2 years and therefore we are entitled for reduction of load as applied by us on dated 16/01/2019. Hence the application dated 16/01/2019 for reduction of load from 4200 KVA to 2900 KVA is wrongly rejected by Executive Engineer PGVCL Morbi.

Applicant last agreement executed with PGVCL was on dated 21/04/2017 for enhancement of our load from 4000 KVA to 4200 KVA and at this time revised supply code was effective. As per clause No. 4.84 of revised supply code 4/2015 a supplementary agreement for the additional load of 200 KVA should be executed, instead of that agreement was executed for 4200 KVA which is quiet contradictory with clause No. 4.84(2).

We have executed an agreement with PGVCL for our load extension from 2450 KVA to 4000 KVA on dated 29/04/2015 (copy of the agreement executed is attached herewith). At this time the supply code 4/2005 was in force and as per the provision of supply code we have executed agreement with the PGVCL for the period of two years. The period of two years completed on 29/04/2017 for this load extension. So our request for load reduction of 1300 KVA (from 4200 KVA to 2900 KVA) is to be considered by PGVCL as two years is already completed as per supply code 4/2005. So you are requested to register our application and give justice to us and approve our load reduction demand effective from date 16/01/2019.

૨.૧ During the Forum Committee Meeting dated 04/06/2019, applicant's representative has submitted similar matter Order passed by Ombudsman in Favour of Consumer vide Order Case No: 56/2017.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક શ્રી ઓલ્વિન ટાઈલ્સ ગ્રાહકનં. ૩૨૩૦૨ કે.વી.એ. ૪૨૦૦ ડેઈટ ઓફ કનેક્શન તા. ૦૧.૧૨.૨૦૧૧ છે. સદર વીજ જોડાણમાં અરજદાર ની અરજી અન્વયે લોડ વધારો ૨૦૦૦ કે.વી.એ થી ૨૪૫૦ કે.વી.એ કરવામાં આવેલ છે. ત્યાર બાદ તા. ૦૪.૦૬.૨૦૧૫ માં ૨૪૫૦ થી ૪૦૦૦ કે.વી.એ નો લોડ વધારો કરવામાં આવેલ છે, અને તા. ૦૫.૦૧.૨૦૧૮ થી ૪૦૦૦ થી ૪૨૦૦ કે.વી.એ નો લોડ વધારો કરવામાં આવેલ હતો. ગ્રાહક દ્વારા એગ્રિમેન્ટ ૨૧.૦૪.૧૭ ના રોજ ૪૨૦૦ કે.વી.એ નો કરવામાં આવેલ છે તેમજ લોડ વધારો ૦૫.૦૧.૨૦૧૮ ના રોજ રિલીઝ કરવામાં આવેલ.છે. એગ્રિમેન્ટ ની શરત નં. ૩ મુજબ આ એગ્રિમેન્ટ ૨ વર્ષ માટે કરવામાં આવેલ છે. જેથી ૨ વર્ષ લોડ વધારા ને પુરા થયેલ ન હોય લોડ ઘટાડો કરી શકાય નહિ.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મે. ઓલ્વિન ટાઈલ્સ એચ.ટી. ગ્રાહકનં. ૩૨૩૦૨ ૪૨૦૦ કે.વી.એ., એચ.ટી.પી – ૧ ટેરીફ નુ ધરાવે છે. સદર નવુ વીજજોડાણ તા. ૦૧.૧૨.૨૦૧૧ ના રોજ ૨૦૦૦ કેવીએ મુજબ રીલીઝ કરાયેલ હતુ. જેમાં નીચે મુજબ – વીજભાર વધારો કરાયેલ છે.

| વીજભાર વધારો મંજુર કરાયેલ તારીખ | કરાયેલ વીજભાર વધારો (કે.વી.એ.) | કરારનામા મુજબ – વીજભાર વધારાની ૦૨ વર્ષ ની મુદત પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| તા.૦૧–૧૧–૧૪ | ૪૫૦ (કુલ ૨૪૫૦) | તા.૩૧–૧૦–૧૬ |
| તા.૦૪–૦૬–૧૫ | ૧૫૫૦ (કુલ ૪૦૦૦) | તા.૦૩–૦૬–૧૭ |
| તા.૦૫–૦૧–૧૮ | ૨૦૦ (કુલ ૪૨૦૦) | તા.૦૪–૦૧–૨૦ |

૪.૨ ઉપરોક્ત ૪૨૦૦ કેવીએ વીજજોડાણમાં ૧૩૦૦કેવીએ વીજભાર ઘટાડા ની અરજી તા.૧૬–૦૧–૧૯ ના અનુસંધાને, અરજદાર દ્વારા તા.૨૮–૦૧–૧૯ ના રોજ – વીજભાર ઘટાડા માટે જરૂરી નોંધણીચાર્જ ભરપાઈ કરેલ. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ને પત્ર તા.૨૬–૦૨–૧૯ મુજબ જણાવાયેલ કે – કરારનામા ની શરત નં.–૩ (બી) " In the event of addition of contract demand on request of the consumer OR increase in contract demand on review by the Distribution Licensee as provided in the "Supply Code" notified by the Hon'ble GERC, the period of Agreement shall automatically be extended for further 2(two) years for entire contract demand from the date of effect of such additional Demand" મુજબ અને નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૪.૧૦૨ મુજબ – ૦૨ વર્ષ થયેલ ન હોવાથી – હાલમાં વીજભાર ઘટાડો કરી શકાય નહી. સદર અરજદાર ની વીજભાર ઘટાડા ની અરજી રદબાતલ કરેલ છે.

૪.૩ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૪.૧૦૨ મા કરાયેલ જોગવાઈ મુજબ ''If any Consumer terminates his Agreement within period of 2 years of that commencement of new or additional supply or where no formal Agreement is tendered, if the Supply is not utilized for the period of 2 years which would have been applicable if an Agreement has been tendered), he shall be liable to pay the minimum charges for each month short of the period of 2 years specified in the Agreement or the stipulated period of 2 years in absence of any formal Agreement. Reduction of load to the tune of 10% of the sanctioned load specified in the agreement (formal or informal) should be allowed after l(One) year after the date of the agreement without recovering minimum charge for such reduced load for the period short of the period of 2 years.''

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ સદર કેઈસ મા, ઉપરોક્ત સંજોગોમાં – અરજદાર દ્વારા કરાયેલ વીજભાર ઘટાડા ની અરજી તા. ૨૮–૦૧–૧૯ પીજીવીસીએલ પક્ષકાર ના પત્ર તા.૨૬–૦૨–૧૯ મુજબ રદબાતલ કરેલ છે, જે બાબત નિયમાધીન હોય, અરજદાર ની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી. અરજદાર દ્વારા રજુ કરાયેલ – વિદ્યુત લોકપાલ શ્રી ના હુકમ નં.–56/2017, મુજબ ની વિગતો – સદર કેઈસ મા લાગુ પાડી શકાય નહી.

૪.૫ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot